कामसेन अने रसीका.

નાટકમાંના ગાયનો.

રચનાર

ઠા૦ દામોદર રતનસી સોમાણી.

દોહરો

કામસેન રસીકા તણાં, વાંચો મોહન ગીત;
વ્યગ્ર ચીત્ત શાંતજ થશે, વધે કુટુંબમાં પ્રીત.

મુંબઈ:
ઓરિયન્ટલ છાપખાનામાં છાપ્યું.

સંવત ૧૯૩૮. સને ૧૮૮૨.

કિંમત ૧ આનો.

૨૫૮૬

સારી ચાય, સસતો ભાવ.

ચીનાઈ

કિમ્મત રતલના	રૂ.	આ.
ફલાવર પીકુ નંબર ૧	૨	૦
ફલાવર પીકુ ,, ૨	૧	૮
સુપરફાઇન રોઝ પૌચાંગ	૧	૪
લમશાની ચાય નંબર ૧	૧	૪
લમશાની ચાય ,, ૨	૦	૧૪
સુપરફાઇન પૌચાંગ	૧	૦
ફલાવરી આરેંજ પીકુ	૧	૦
ફેમીલી મીક્સચર	૦	૧૪
ફાઇનેસ્ટ સેન્ટેડ આરેંજ પીકુ	૦	૧૨
ઇમ્પીરિયલ કેસો કોંગો	૦	૧૨
સાચાંગ	૦	૧૨
કેશૌ કોંગો...	૦	૧૦
બેસ્ટ કોંગો	૦	૯

હીંદુસ્થાની ચાહે.

કાંગ્રાવેલી ફલાવરી આરેંજ પીકુ	૧	૮
કાંગ્રાવેલી એક્સ્ટ્રા ફાઇન આરેંજ પીકુ	૧	૪
કાંગ્રાવેલી એક્સ્ટ્રા ફાઇન પીકુ	૧	૨
ચાયના એન્ડ ઇન્ડિયન બેસ્ટ ક્વાલીટી દામોદર મીક્સચર	૧	૨
રાયલ ફેમીલી મીક્સચર	૧	૦
કાંગ્રાવેલી પીકુ સાચાંગ	૧	૦
કાંગ્રાવેલી સૌચાંગ	૦	૧૨

१५८९

कामसेन अने रसीका नाटकमां गवातां गायणो.

ઈશ્વર સ્તુતિ. (સર્વે મળીને)

રાગ.

હે જન પાલક ટાળક દુખનો—બે વાર.
કુલ પૃથ્વિમાં તું એકલો.
જ્યાં જોઇએ ત્યાં તારૂં નામ,
નહી કોઇ તુજ વણ ખાલી ઠામ.
સર્વેને આપે આરામ,
ગુપ્ત રહી તું એકલો.—હે જન પાલક. १
વીસરી તુજને જે પાપ કરે—બે વાર.
નહિ બીક ધરે તુજ સાર,
જન જેવું કૃત કરશે જેહ,
અંતે ફળ મેળવશે તેહ,
એવો તારો નીયમ છે,
તુજ વર્ણવ કરીએ કેટલો.—હે જન પાલક. २

ઓ દયાળુ તું છે માયાળુ—એ વાર.
ભક્તાધીન કૃપાળુ,
અંતરજામી અવીચળ નામી,
તુજ રચનામાં નહી કંઇ ખામી,
દીસે છે સહુને બહુ નામી,
તો પણ તું છે એકલો.—છે જન પાલક. ૩

कामसेन रसीकाविषे पोतानी प्रीती वर्णवतो आवे छे.

ગજલ.

દાહ ઉઠી છે દુખની દીલમાં, શી રીતે ઠંડી થશે;
આશ લાગી છે જેમાં મુજ, શી રીતે પુરી થશે—ટેક.
નજરે દીઠી મેં જે નારી, પરણે ના જો સાથ મારી;
તો તો જીંદગી આ અકારી, ક્યમ કરી પુરી થશે;
મેં તરવાર કેશરીને મારી, તેવી લાગી એ કટારી;
કમળાક્ષીનાં નયણકારી, ને ઘા શી રીતે રૂઝશે. ૨

रसीकानी सखीओ बागमां प्रवेश करतां गाय छे.

પદ.

રાજબાગમાં જઇએ ચાલોરે, બેની રાજબાગમાં જઇએ;
સુંદર મનહર પુષ્પ ખીલ્યાં છે, સુગંધી તેની લઇએ—ચાલોરે.

रसीका कामसेननुं चीत्र जोतां गाय छे.

ગજલ.

રસીલી તારી સુરત દેખી, ઘાયલ મનડું થયું છે મારૂં;
રાખ થઇ ગયું બળી બળી તન, ધ્યાન ધરંતાં સદાય તારૂં—ટેક.
આવ્યા બાગમાં તમેજ જેદી, કામ પાશથી કીધીજ કેદી.
ગયો ખુશીમાં એક તે દી, પછીથી મનડું બળે છે મારૂં—રસીલા.
જાઇ જુઇ ચંપો ને ચંએલી, આમ્ર વૃક્ષપર ચડી છે વેલી;
જોઇ જોઇ હું બનતી ઘેલી, હવે તે લાગે મને અકારૂં—રસીલા.
તેથી દયા કરી તું મારી, બચાવ જો હઉ તુજને પ્યારી;
કામ પાશથી લે તું ઉગારી, પ્રફુલીત કરને તું મન મારૂં—રસીલા.

कामसेन न आव्यो तेथी अधीरी थईने रसीका.

દુહા.

મારી કટારી ક્યાં ગયોરે, મમ જીવન હાર;
દુર્લભ દર્શણ ક્યમ નથી, દેતો તું દીલદાર.
જ્યમ જ્યમ દર્શન તાહેરૂં, મમ અંતરમાં થાય,
ત્યમ ત્યમ જ્વાળા કામની, ઉઠે મુજ મનમાંય.

सखीओ रसीकाने सावध करतां.

મોહલે પધારો મહારાજ.—(એ રાગ.)

મારી વાહાલી તું થાને શાન્ત, શાણી તું શીદ અકળાએ.
વેગે મળશે હવે તારો કાન્ત, શાણી તું શીદ અકળાએ.

સાખી.

ના કર ચીંતા અતી મને, પ્રીય સહી ચતુર સુજાણ;
ચીંતાથી દુખ અતી વધે, કરે દેહનીશે બહુ હાણ.—શાણી.

સાખી.

તૈયારી સઘળી કરી, સ્વયંવરને કાજ;
શોધી લેજે તે સમે, મન ગમતો રે મહારાજ.

कामसेन बागमां प्रवेश करतां रसीकाने जोईने.

રાગ બેહાગ.

મૃગલોચની ગજગામીની આ કામીની સુંદર
જોતાં તને મુજ મન રીઝે આ બાગની અંદર
ચંદ્રવદની કામ કદળી, અધર પરવાલા માન
રસીક રસીકા માહેરી ક્યારે ક્યારે કરાવીશ પાન.

ગજલ.

રસીકા—આસ તારી પ્રીતમ મુજને મળવા લાગી રહી.—આશ.
દોડો જલદી કોઇ જાઓ કામને લાવો અહીં.—આશ.
પ્રેમને વશ થઇ હું ત્યારે, જયારે છબી નીરખી તહીં.—આ.

ચંદ્રવીના જેમ ચકોર દુખી, તેમ તુજવીણ હું થઇ—આ.
માટે પ્યારા આવી જલદી, દરશણ દે દયાળુ થઇ—આસ.

कामसेन रसीकासाथे ईश्वर प्रार्थना करे छे.

૫૬.

કરૂણા નીધાન ઇશ કાર્ય સીધ કારી.
અખીલ ભવ તણા છો આપ ખરે તાપ હારી—કરૂણા.
શી રીતે ગુણ વરણું તારા મતી અલ્પ મારી
સહસ્ત્ર જીવ્હે વરણે શેશ તે પણ જાય હારી.—કરૂણા.

આહા ખીલીછ શી ચંદા.—(એ રાગ.)

દયાળુ દેવ કૃપાળુ તું નમુંછું હસ્ત જોડી હું.
લીલા તારી તણો તો સાર, શેષ ગણતાં ન પામે પાર.
સઉપર છો કૃપાળુ તું નમું છું હસ્ત જોડી હું.

कुरसेनना लश्करमां लंगडो सीपाई गाय छे.

આઇવેરીગુડ બેંગાલી બાબુ.—(એ રાગ.)

લટકે મટકે જાવું લડવા, લડવાની છે મન બહુ હામ;
મારી કાપી શત્રૂકેરી, શેના ઠાર કરૂં હું તમામ. ૧
હાથ ટુંડે ઠીક ઠોક મરાશે, પંગ પંગુથી પલાશે આમ;
ખનન ખનન ખડગ ચલાવી, બોલાવી દઉ શહુના રામ. ૨

કચ, કચ, કચ, કુચ, ઘોડો હાંકી, ખડ ખડ હું દોડાવું આમ;
ભડ ભડ ભડ ભડ ગોલી બંદુકથી, ફોડી કાઢું શત્રુમાં નામ. ૩
લડાઇમાં શુર સૌથી બહાદુર, બાદુરી જાણે સઘળું ગામ;
તીશ માંખ મારી મેં એકે તીસમારખાં મારૂં નામ.—લટકે. ૪

कामसेन तथा रसीका तोफान थती वखते मेहेलमां आवे छे.

ત્રોટક છંદ.

વરશે ગરજે ચડીને ઉતરે, ધન તે અતીશે અંધકાર કરે;
જેમ ન્યુતન સંપતીવાન કરે, તેમ રૂપ અનોપમ મેઘ ધરે.

माधवसेन गातो गातो जंगलमां आवे छे.

ગજલ.

પીયાકે ચીત્રબીન.—(એ રાગ.)

દુખ હરતા થઇ દુખ કેમ આપે, દયા શું મુજપર નાવે રે
બંધુ તણી શોધ કરી કરી થાક્યો, ક્યાંય ન નજરે આવે રે.
તેથી દયા કરી તું પ્રભુ મેળવ કેમ દુખીને ઝુરાવે રે—દુખ હરતા.

कामसेन हारी जवाथी गातो गातो आवे छे.

ગજલ.

ચંદ્ર મુખીને એકલી છોડીને હું આવ્યો અહીં
પ્રીતીની જાળ તોડીને જીવ કર્યો મેં પ્રીય સહી—ટેક.

ધીક હવે છે જીવવું, ધીક્કાર ફરવામાં અહીં
પ્રાણથી પ્રીય પત્ની જે, છોડીને હું આવ્યો તહીં—ચંદ્રમુખી.
મારી અવસ્થા શી થઇ, છોડી જતાં તુને પ્રીયા
નીરજીવ થઇ ફરૂ હવે, તેથી ભલું મરવું અહીં—ચંદ્રમુખી.

रसीका क्रुरसेनना मेहेलमां केद पडेली.

ઓધવજી સંદેશો કેજો શામને.—(એ રાગ.)

બેઠી છઉ પ્રભુ કોનારે હું અવાશમાં,
પતી વીખુટી છતાં હજી જીવતીજ જો;
કપટ કરી એ દુષ્ટે નાંખી પાશમાં,
હતી હમેશાં હું સુખમાં રમતીજ જો.—બેઠી.
પ્રાણપતીરે મુજને છોડી ક્યાં ગયા,
દયા ન આવી કરતાં મને નીરાશ જો;
તોપણ દયા કરી વેગે આવો અહીં,
નહી તો થાશે મારા તનનો નાશ જો.—બેઠી.

લલીત.

અરર માહેરૂં શું હવે થશે, દીન વીયોગમાં શી રીતે જશે;
પ્રીય હું આપને પ્રાણથી હતી, હર્ષથી સદા કંઠ લાગતી.
ત્યમ છતાં અરે કાંતજી ગયા, અરર મારી શું આવી ના દયા;

ઓ પ્રભુ હવે દેની હાથરે, મેળવ તું હીયાં ત્વરીત નાથને.
નીકર પ્રાણ હું આપીને મરૂં, પતી વીના જીવી શું હવે કરૂં.

कामसेन चोरनी झुपडीमां केदी छे त्यां गाय छे.

ગજલ.

વીધીનાં કામ છે કેવાં, દીસે દુખ ઘાતકી થઇને—ટેક.
હતો સુખ ચેનમાં ફરતો, હરાવ્યો તેંજ મુજને ત્યાં;
કરાવી હાર મારી ત્યાં સહાય થઇ શત્રૂને જઇને—વીધ.
હતો હું જે હજારોપર, હમેશાં હુકમનો કરતાં;
તેજ હું રંક આધારે, રહ્યો છું દીન હું થઇને—વીધી.

बाबरा भुत आगळ बधां भुतो गाय छे

ભુત—લુલા ભુતની ભવાઇ, લુલા ભુતની ભવાઇ,
જોઇ જોઇ હશો સૌ, થાશેરે નવાઇ—લુલા.
ઓલી આવે છે આંહી,—બે વાર.
આવરે ઓ વહુ મારી ભુતડીરે બાઇ—લુલા.
ભુતડી—પીટ્યા ખાવાનું લાવ,—બે વાર.
નહી તો હું જાઇશ તારા કલેજાં ખાઇ—લુલા.
ભુત—ખાવા આપે તારી આઇ,—બે વાર.
અમે તો છઇએ ફકડ ભાઇ—લુલા.

बाबरा भुतने जगाडती वखते गाय छे.

મેહેર કર મારી ઉપર બાબરા,
જગાડું છું હું તેની કરજે ક્ષમા.—મેહેર.
જુવો જુવો આ કુંવર તરફ,
કૃપા કરી તું પુરજે ઇછા,
તા-રી મ-ર-જી-થી-પુ-રી-થ-શે-તે-ની-ઇ-છા.—મેહેર.

रसीका क्रुरसेनना मेहेलमां.

સુધીઆણી કૃળ જાણી.—(એ રાગ.)

દયા આણી દીન જાણી, તમે આવી મળોરે;
પ્રીયા દુખી તેની, સહાય કરો.—દયા આણી.
કષ્ટ સહ્યું છે અતીશયે મેં
તેથી વેલા આવી, જલદી મારી વારે ચડોરે—પ્રીયા દુખી.

रसीका कटारथी स्वहस्ते मरती वखते गाय छे.

સખી આવીયો કારતક માસ.—(એ રાગ.)

પ્રભુ કેમ કરૂં ક્યા જાઉં નથી કાંઇ સુઝતું
મારૂં હૃદય બળી થાય રાખ, સદા જે સુખી હતું

દુષ્ટ ક્રૂરે લઇ આવી હ્યાંય, નાંખી દુઃખ પાશમાં
રેહેતી પતી સંગ ત્યાંય, સદા સુખવાસમા
તેથી નાથ વીયોગે ઘાત, કરૂં છું હાથથી
તેની કરીને પ્રભુ તું ક્ષમાય મેળવજે નાથથી.

रसीका जंगलमां पुरुषने वेषे गाय छे.

ગજલ.

રસીકા—પ્રભુ પત્નીને કાન્તથી, છુટી કરતો નહી;
વૈરીને પણ વીખુટાં, વાલાથી કરતો નહી—પ્રભુ.
સંકટ સહ્યું અતીશય મેં, અનહદે અપાર;
તેથી તું મેલવ નાથથી, વેગે પ્રભુ અહીં—પ્રભુ,

શાર્દુલવિક્રીડિત છંદ.

મેં મારા પતીથી અરે છુટી પડી વીયોગ વેઠ્યો અતી,
આ ઘાટા તરૂમય ઘોર વનમાં દુઃખો માહા પામતી;
પામીને બહુ સંકટો હું ફરૂં અત્યંત ત્રાસે ભરી,
તેથી તું પ્રભુ તાર કષ્ટથી મુને જાચુ છું એ હરી.

પદ કાફી.

પ્રભુ મને માર્ગ બતાવ,
દારૂણ વનમાં રખડી મરૂં હું—પ્રભુ મને.

જંગલ જંગલ રખડી હું થાકી,
ક્યાંય ન દીસતો પાર રે—દારૂણ.

શાર્દુલવિક્રીડિત છંદ.

છે તે રૂપ ખરાબ આ જગતમાં જે શીલ રાખે નહી,
છે તે ધન્ય કુરૂપ નારી જનનું જે શીલ ચુકે નહી,
છે તે ધીક સદાય નારી જનને જે શીલ ત્યાગી ફરે,
તે પાષાણની પુતળી સમજવી ના ધર્મને આચરે.

मालती राक्षसनी गुफामां गाय छे.

ભેરવી ગજલ.

દેખીને બંધનમા મુજને થતો નથી કેમ સહાય—બે વાર.
કેવી ઉમેદ હતી મળવાને બેનને,
મળી ન બેન મુજને હું અધવચ ફરી છું ક્યાંય—દેખી.
સહન કરૂ દુખ મળવાને માધવ,
પ્રીતમ દરશણ ઇછાયે હું કરતી નથી હત્યાય—દેખી.
હવે તું સત્વર મળશે ન મુજને,
નીશ્ચે તે દુષ્ટીને હાથે મહોત મારૂં થાય—દેખી.

દીંડી.

પ્રભુ દે તું મુક્તી મને નીવારી, ક્રૂર કષ્ટો સહી હું હવે હારી;
નાથ આવ્યા હજી ન વારે મારી, તેથી લાગે આ જીંદગી અકારી.

સીખરીણી.

અસહ દુખ પ્રીતી અબળા જાતે ક્યમ સહું,
ન જાણે બીજુ કો હું દુખથી બળી મરૂં;
અતા વેગે કરી તું માધવ મોકલ પ્રભુ અહીં,
નહી તો જાશે પ્રાણ અચીતજ મમસહી.

शल्याशूर मालतीने समजावे छे.

યાર તુમારે દેરે આનેકા—(એ રાગ.)

શા માટે તુ શોક કરે મન નશીબ ઉઘડ્યું તારૂરે.
રાણી થાશે શલ્યાશુરની કહ્યું કરીશ જો મારૂરે—શા.
સુખ અધીક છે સ્વર્ગથી આઈ થયું હવે એ તારૂરે—શા.
જરા ન પામે તું કદી એવું અમૃત પાન કરાવુરે—શા.
લજા મુકી લગ્ન મુજ સાથે કરોને જલ્દી તમારૂરે—શા.

रसीकाने कुरसेननी दरबारमां पकडी लावेछे ते वखत.

શાર્દુલવિક્રીડિત છંદ.

લોકો નીર્ધનને ન બંધુ જનકો સાહ્યથી સંતોષતા,
તેના જે પ્રીય મીત્ર તે ફરી જતા આપતીને આપતાં;
તેનું સત્ય વિનાશ શીલ વીધુવત કાન્તી ક્ષય પામતાં,
બીજા કો જન પાપ કર્મ કરીને તેને શીરે નાંમતા.

રાગ જોગીયો આશાવરી.

કામસેન—પડું છું હું વીખુટો પ્રીયા સંયોગથી તારા;
રસીકા— ના કર ચીંતા મન હું, ભેગી મરીશ પ્યારા.
કામસેન—પાપ પેલે જનમ મેં કર્યા હશે કંઇ ક્યાંય;
ભોગવવા પડ્યાં તને વીયોગમાં મારા—પડું છું.
રસીકા— પ્રેમને વશ થઇ હું નીશદીન રેતી સુખ ચેનમાં;
છુટી પડાવી દુષ્ટીએ તુજ સંગથી પ્યારા.—ના કર.
કામસેન—લખ્યું હશે ભવિષ્યમાં ટળવાનું નહીં તેહ;
બન્યું હોય જે કંઇ કેજે ભ્રાતને મારા.—પડું છું.
[રસી]કા— જીવીને હું શું કરૂં મરીશ તારી સાથ;
મેળવશે ભવોભવ પ્રભુ તુજથી પ્યારા.—ના કર.

रसीकाथी छुटा पडती वखत.

ગજલ.

કામસેન—મરૂં છું વેરી હાથથી, તજીને તુજને આમ;
પ્રણામ છે પ્રીયા તને, છેવટે પ્રણામ.—મરૂં છું.
પ્રણામ કેજે માતને, મુજ ભ્રાતને પ્રણામ;
પ્રણામ મારા તખ્ત, ક્ષત્રી જાતને પ્રણામ.—મરૂં છું.
પ્રણામ કેજે મીત્રને, મુજ દેશને પ્રણામ;
પ્રણામ વહાલાં શેહેરને, મુજ વેશને પ્રણામ.—મરૂં છું.

कामसेन फासीनी जगाये आवी गाय छे.

હમકુ છાંડ ચલે બન માંધું—(એ રાગ.)

દયા સીંધુ તું થઇ તે દયાળુ, દોશથી કરજે મુક્ત મને રે;
પાપ કર્યાં હોય જાણે અજાણે, ચુક કદી તુજ નીયમને રે.
મુજ જડ મનથી થયું હોય જે કંઇ, કરજે ક્ષમા તે આ દીનનેરે.

ગજલ.

શી દશા મારી થઇ મરવું પડે હસ્ત નીચને,
ન કરીએ સ્પર્શ જેહનો ઉતારશે તે શીશને.—શી દશા.
રસીકા માહેરી, શી દશા તારી થશે,
રમતી સદા નેત્રમાં તોપણ તજી જાવું અરે.—શી દશા.

कामसेन फांसी चडती वखते करेली इश्वरनी प्रार्थना.

આહા ખીલીછ શી ચંદા—(એ રાગ.)

દયાળુ દેવ મયાની મેહેર, કરી કૃપા મુજ ઉપર રેડ.—દયાળુ.
થયું હોય પાપ મુજથી જે, ક્ષમા તેનીજ તું કરજે.—દયાળુ.
છોડી આવું હું પત્ની જે, ભવો ભવતે મને દેજે.—દયાળુ.

रसीका कामसेनने मळती वखते.

ગીતી.

પ્રાણ પ્રાણપતી મારા, ઉડી ગયા જે હતાજ આ તનથી;
તે પ્રભુનીજ કૃપાથી, થયા ફરી પ્રાપ્ત જાણું છું હું મનથી.